(મોડેલ ડ્રાફ્ટ)

# બાનાખત રદનો લેખ

આજ તારીખ / /૨૦૧૯ ના વારના રોજ તમો બાનાખત રદનો લેખ લખી લેનાર : એક તરફવાળા :-

શ્રી , ઉ.વ.આ. પુખ્ત વર્ષ, ધંધો - ,

રહેવાસી - વડોદરા.

(જેમને હવે પછી આ બાનાખત રદમાં “તમો” અથવા “લખી લેનાર” અથવા “એક તરફવાળા” એ રીતે સંબોધવામાં આવેલા છે, સદર સંબોધનના અર્થમાં “લખી લેનાર” તથા તેઓના વંશ, વાલી, વારસો ઈત્યાદી તમામનો સમાવેશ થયેલો ગણવામાં આવશે.)

જોગ અમો બાનાખત રદનો લેખ લખી આપનાર : બીજી તરફવાળા :-

શ્રી , ઉ.વ.આ. પુખ્ત વર્ષ, ધંધો - ,

રહેવાસી - વડોદરા.

(જેમને હવે પછી આ બાનાખત રદમાં “અમો” અથવા “લખી આપનાર” અથવા “બીજી તરફવાળા” એ રીતે સંબોધવામાં આવેલા છે, સદર સંબોધનના અર્થમાં લખી આપનાર તથા તેઓના વંશ, વાલી, વારસો એટર્ની ઈત્યાદી તમામનો સમાવેશ થયેલો ગણવામાં આવશે.)

જત, આ બાનાખત રદ કર્યાનો લેખ અમો તમોને લખી આપીએ છીએ કે,

પરિશિષ્ટ માં જણાવેલી મિલકત વેચાણ આપવાનું રજી. બાનાખત તમોએ અમોને તા. _____________ ના રોજ કરી આપેલું છે જે રજીસ્ટર્ડ બાનાખત વડોદરાના સબ રજીસ્ટાર - __ (______ ઝોન) ની કચેરીમાં નોંધાયેલ છે, જેનો રજીસ્ટર્ડ નંબર _________ છે.

રજી. બાનાખતનાં કરારમાં મિલકતના વેચાણ અવેજની કુલ રકમ રૂ|. ____________/- (અંકે રૂપિયા _______________________) પુરામાં વેચાણ આપવાનું નક્કી કરેલ અને તેના બાના પેટે રૂ|. _____________/- (અંકે રૂપિયા _____________) પુરા ચેકથી અમોએ તમોને આપેલાં હતાં.

સદર બાનાખત રદ્દ વાળી મિલકત અમો લખી લેનારે વેચાણ રાખવાની ન હોવાથી અને આપણાં વચ્ચે કરવામાં આવેલા રજીસ્ટર્ડ બાનાખતની શરતોનું પાલન અમો કરી શકીએ તેમ ના હોવાથી આપણાં વચ્ચે કરવામાં આવેલ રજીસ્ટર્ડ બાનાખત નંબર _______, તા. __________ નો આજરોજ હંમેશ ના માટે રદ્દ ગણવાનો છે. અને તે બાનાખતનો કોઈપણ પક્ષકારે કોઈ અમલ કરવાનો નથી.

સદર મિલકતના રજી. બાનાખત વખતે અમોએ તમોને બાનામાં રૂ. ____________/- (અંકે રૂપિયા ____________________) પુરા આપેલા હતા તે અમોએ પરત મળવા માંગણી કરવાથી તમોએ તે રકમ અમોને ચેકથી પરત આપી દીધેલાં છે. એટલે તમારી પાસેથી અમારે સદર મિલકત બાબતે ભવિષ્યમાં પણ કોઈ રકમ લેવાની બાકી રહેશે નહી. તેવી સ્પષ્ટતાં સાથે આ બાનાખત રદ્દનો લેખ કરી આપેલ છે.

સદર મિલકતના તમો બાનાખત રદ્દનો લેખ લખી લેનાર કંપની માલીક થયેલા હોઈ સદર મિલકતનો તમોને યોગ્ય લાગે તે રીતે વાપર ઉપયોગ કરવા તેમજ સદર મિલકત અન્ય કોઇપણ ઇસમને વેચાણ, ગીરો, બક્ષીસ વિગેરે લખી આપવાં તમો તથા તમારા વંશ, વાલી, વારસો સર્વે સ્વતંત્ર હક્કદાર હતા અને રહેશો.

સદર મિલકત અમો આ બાનાખત રદ્દનો લેખ લખી આપનારે કોઈને કોઈ પણ પ્રકારે લખી આપેલ નથી કે કોઈ પણ બેંક, સંસ્થાના બોજામાં મુકેલ નથી તેવી ખાત્રી સાથે આ બાનાખત રદ્દનો લેખ કરેલ છે. તેમ છતાં અમારા તર્ફે સદર મિલકત બાબતે ભવિષ્યમાં કોઈ તકરાર - વાંધો - હેલો - હરકત કરતું આવશે તો તે તમામ હરકત અને વાંધાને અમો અમારા ખર્ચે દુર કરી આપીશું. સદર મિલકતનાં બાનાખત રદ્દ બાબતે ભવિષ્યમાં સરકારશ્રી તરફથી કોઈપણ પ્રકારના સરકારી ભરણા ભરવાનાં આવશે તો તે તમામ રકમ ભરવાની / ભોગવવાની તમામ જવાબદારી અમો સદર બાનાખત રદ્દનો લેખ લખી આપનારે ભોગવવાની / ભરવાની રહેશે, તેવી સ્પષ્ટતાં સાથે સદર બાનાખત રદ્દનો લેખ લખી / કરી આપેલ છે. સદર લેખમાં નિયમ અનુસાર વેચાણ કિંમતનો ૧ % રજીસ્ટ્રેશન ફી (લાગત ફી) ભરી બાનાખતનો કરાર રદ્દ કરવામાં આવેલ છે.

સદર મિલકતનો કબજો તમારો છે તે કાયમ રહેશે. તથા તેના વેરા વિગેરે તમો ભરો છો તે પ્રમાણે તમારે ભરવાનાં છે.

સદરહુ જમીનનો બીનખેતીનો વાપર ઉપયોગ કરવાની પરવાનગી (એન.એ.નો હુકમ) મે. કલેક્ટરશ્રી વડોદરાના એ તેઓના હુકમ ક્રમાંક: ________________, તા. ____________ થી પરવાનગી આપેલ છે.

-: આખી જમીન/મિલકતનું વર્ણન પરિશિષ્ટ :-

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અને સબ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ વડોદરાના મોજે ગામ ______ ની રેવન્યુ સર્વે નંબર _________ વાળી જમીન કે જેનું ક્ષેત્રફળ ૭/૧૨ પ્રમાણે __________ ચો.મી. જેનો મુસદ્દારૂપ ટી.પી. સ્કીમ નંબર ___ માં સમાવેશ થતાં ફાળવવામાં આવેલ મુળખંડ નંબર ____, તેમજ ફાઇનલ પ્લોટ નંબર ___ વાળી જમીનનું ક્ષેત્રફળ _______ ચો.મી. બીન ખેતીની જમીન છે, જેની ચતુ:સીંમાં નીચે મુજબ છે.

પૂર્વે :
પશ્ચિમે :

ઉત્તરે :

દક્ષિણે :

આમ, આ બાનાખત રદ કર્યાનો લેખ અમોએ અમારી રાજીખુશીથી વાંચી - વંચાવી, સમજી, વિચારી, વાકેફ થઈ, બીનકેફ હાલતમાં કોઈ પણ જાતના દબાણ વગર કરી આપેલ છે. જે અમોને તથા અમારા વંશ, વાલી, વારસોને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

| <u>સહી</u> | <u>સાક્ષી</u> |
|---|---|
| <u>બાનાખત રદનો લેખ લખી આપનાર</u> | 1................................ |
| | (નામ) |
| ...................................................... | 2................................ |
| (નામ) | (નામ) |

બાનાખત રદનો લેખ લખી લેનાર

.......................................................

(નામ)